**મહે. કોડીનારના પ્રિન્સીપાલ સિવીલ જજ અને જ્યુડી.મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં, મું. કોડીનાર**

**કબુલાત પુરસીસ નીચે હુકમ:–**

CC NO. 2013-2023

આંક–

ફરિયાદી:– શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી:– નીખીલકુમાર માંડણભાઈ વાઘેલા

સદર કામની ટુંકમાં હકીકત ધ્યાને લેતા એવુ રેકર્ડ પરથી દેખાય છે કે, ફરિયાદ પક્ષે આ કામના આરોપી સામે **પ્રોહી કલમ–૬૬(૧)બી ૮૫** મુજબના શિક્ષાપાત્ર ગુન્હાનું તહોમત છે. જે આરોપી સામે મુકવામા આવેલ જે બદલ આ કામના આરોપીને પ્રોસેસ કાઢતા આજરોજ કોર્ટમાં હાજર રહેલ છે.

આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપવાની ખાત્રી કરેલ છે. આરોપીઓ ગુનો કબુલાત પુરસીસ/પ્લી આપેલ છે. પોતાની કબુલાત પુરસીસમા તેઓએ જણાવેલ છે કે, આજરોજ આરોપી હાજર હોય તે પોતાનો ગુનો કબુલ કરવા માગે છે અને વધુમા જણાવે છે કે તેઓ ગરીબ ઈસમ તથા બાળ બચ્ચાવાળા છે અને આ તેઓનો પ્રથમ ગુનો છે અને તેમાના કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના ઉપર છે જેથી તેમને ફકત દંડ કરી તેમના ઉપર દયા રાખવા વિનંતિ કરેલ છે. આ કામે આરોપી ખરેખર પોતાની સ્વૈચ્છાએ ગુનો કબુલ કરતા હોવાની ખાત્રી કરવામાં આવેલ છે.

આમ આરોપીના ઉપરોકત સંજોગો જોતા તથા નામ. ગુજરાત હાઈકોર્ટની રીવીજન બેન્ચે ૨૦૦૫(૨) જી.એલ.એચ. પાના નં. ૭૦૯ ઉપર સ્ટે ઓફ ગુજરાત વિ.નટવર હરચંદજી ઠાકોરના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે જો પુરતા અને વાજબી કારણો હોય તો દરેક કેસની હકીકત ધ્યાને લઈ કાયદામા કરેલી જોગવાઈ કરતા પણ ઓછામા ઓછી સજા અને દંડ કરવાની સતા નીચેની અદાલતને છે. તેમજ સદરહુ ચુકાદાના પાના નં. ૭૨૧ ના પેરા–૨૧ માં જે કારણો જણાવેલા છે તે વંચાણે લેતા સદરહુ ચુકાદો હાલના આરોપીના કેસને મદદરૂપ હોય તેમ જણાય છે જેથી આરોપીની સ્થિતી અને સં જોગોને ધ્યાને લઈ આજરોજ આરોપીને સજા માંથી માફી આપી ફકત દંડ કરવો જોઈએ તેવુ હું નમ્રપણે માનુ છુ તથા આરોપીને લાભ મળવો જોઈએ અને તેમના પણ રહેમ નજર રાખવી જોઈએ તેની અરજ પણ ધ્યાને લેતા અને તેથી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**આખરી હુકમ**

ક્રિ.પ્રો.કોડની કલમ–**૨૫૨** અન્વયે સદર આરોપીને ઉપર મુજબના શિક્ષાપાત્ર ગુન્હા અંગે રૂ**.૫૦૦/–** ના દંડ અને જો દંડ ન ભરે તો બે દિવસની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

: મુદામાલ દારૂ નો કમિટિ રૂબરૂ નિયમ અનુસાર અપીલ સમય બાદ નિયમ અનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

: મુદામાલ વાહનનો વચગાળાનો હુકમ થયો હોય તો તે કાયમ રાખવામાં આવે છે શરતો અપીલ સમય બાદ રદ ગણવી, જો વાહનનો હુકમ થયેલ ન હોય માલિક ની ખરાઈ કરી અપીલ સમય બાદ માલિકને પરત કરવી.

: જોરોકડ રકમ હોય તો અપીલ સમય બાદ સરકાર જમા કરાવવી અને તેનો રીપોર્ટ અત્રેની અદાલતમાં રજુ કરવો તથા અન્ય મુદમાલ ક્રિમિનલ મેન્યુલ ની જોગવાઈ મુજબ અપીલ સમય બાદ નિકાલ કરવો.

હુકમ આજરોજ તા.૦૯/૧૨/૨૦૨૩ ના રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

કોડીનાર

(હેમોરસિંહ મનુભાઈ પરમાર)
જ્યુડી.મેજી.ફ.ક.,કોડીનાર
જીજે૦૧૨૭૬